**<u>ક્રિ.પ.અ.નં.૨૬/૨૦૨૬</u>**

**–:: આંક:– ૧ લગત હુકમ ::–**

**૧.** અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા.

**૨.** આ કામે અરજદારે હાલની અરજી સરફેસી એકટની કલમ–૧૪ હેઠળ કરી, સામાવાળાઓએ તે મિલકત ઉપર લોન લીધેલી અને તે લોન ભરપાઈ કરવામાં નિષ્ફળ જતા તેઓને સરફેસી એકટની કલમ–૧૩(૨) હેઠળની નોટીસ આપેલી તેમછતાં સામાવાળાઓ બાકી લોનની રકમ ભરવામાં નિષ્ફળ જતા હાલની અરજી સરફેસી એકટ ની કલમ–૧૪ હેઠળ મિલકતનો ફિઝીકલ કબજો કોર્ટ કમિશ્નર નીમી અરજદારને સુપ્રત કરવા માટે કરેલી છે.

**૩.** અરજદારની અરજી તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આ કામના સામાવાળાઓએ અરજીના પેરા–૩ માં જણાવેલ નીચે મુજબની મિલકત ઉપર એ.યુ.સ્મોલ ફાઈનાન્સ બેંક લીમીટેડ માંથી લોન મેળવેલી છે,–

**<u>DESCRIPTION OF MORTGAGED PROPERTY/SECURED ASSET:</u>**

All that the piece or parcel, rights, Interest, title of land along with structure standing there on being The Gamtal Property Residential House Out of Adiya Tornipur Group Gram Panchayat Property No. 864 and Assessment Serial No.864, total admeasuring 675–00 Sq. Feet situated in the sim of Adiya, Tal:–Harij, Dist. Patan, State:– Gujarat Owned by Patel Rohitbhai Khemabhai

**Which Is Having Four Boundaries**: –

**East:** House of Patel Babubhal Nathabhai is situated.
**West:** House of Thakor Teniji Harchandji is situated.
**North**: Public Road is situated.
**South:** Property of Patel Somabhai Prabhudas is situated.

આમ, સામાવાળાઓએ ઉપરોકત મિલકત ઉપર લીધેલ લોનના હપ્તા ભરવામાં સામાવાળાઓ નિષ્ફળ જતા, અરજદાર સંસ્થા ધ્વારા નોટીસ આપેલી, જે નોટીસ સામાવાળાઓને અરજદાર સંસ્થા ધ્વારા બજવણી કરવામાં આવેલ છે તેમ છતાં સામાવાળાઓએ બાકી લોનની રકમ ભરેલ ન હોવાથી હાલની અરજી કરી, જે મિલકત ઉપર સામાવાળાઓએ લોન મેળવેલી તે મિલકતનો કબજો મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**૪.** અરજદારે રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સામાવાળાઓ લોનની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલા છે, જેથી અરજદારે સરફેસી એકટની કલમ–૧૩(૨) મુજબની નોટીસ સામાવાળાઓને આપેલી છે તેમ છતાં સામાવાળાઓએ રકમ ભરપાઈ કરેલ નથી, જેથી સરફેસી એકટની કલમ–૧૪ મુજબ તકરારી મિલકતનો કબજો મેળવવાની અરજી મંજુર થવાને પાત્ર છે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ઓથોરાઈઝ ઓફિસર ઈન્ડીયન બેંક વિ. ડી. વિશાલાશી એન્ડ અધર્સ સીવીલ અપીલ નંબર: ૬૨૯૫/૨૦૧૫ ના પેરા–૪૮ માં જણાવ્યા મુજબ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટને પણ સરફેસી એકટની કલમ–૧૪ હેઠળની અરજી નિર્ણિત કરવાની હકુમત છે, જેથી અત્રેની અરજી ચલાવવાની અત્રેની કોર્ટને હકુમત હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

૧. અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. આથી શ્રી **સી.એચ.બારોટ, હેડ કલાર્ક,** પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સમીનાઓની આ કામે કોર્ટ કમિશ્નર તરીકે તથા શ્રી **સી.પી.પંડયા, બેલીફ,** પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સમીનાઓની મદદનીશ કમીશ્નર તરીકે સરફેસી એકટની કલમ–૧૪ અન્વયે નિમણુંક કરવામાં

આવે છે અને તેઓએ મુળ કોર્ટ કમીશ્નરશ્રી ને મદદ કરવી.

૩. કોર્ટ કમીશ્નરશ્રીને તથા મદદનીશ કમીશ્નરને આદેશ કરવામાં આવે છે કે, અરજદારની અરજીના પેરા–૩ માં તથા સદરહુ હુકમના પેરા–૩ માં જણાવેલ સિકયોર મિલકતનું પઝેશન મેળવી અરજદાર એ.યુ.સ્મોલ ફાઈનાન્સ બેંક લીમીટેડ, ના અધિકૃત ઓફીસરશ્રીને સોંપવી.

૪. જો બોજાવાળી મિલકત બંધ હાલતમાં હોય તો કોર્ટ કમીશ્નરશ્રીએ તથા મદદનીશ કમીશ્નરશ્રી એ લોક તોડીને તેનો કબજો મેળવવો.

૫. જો લોક તોડીને બોજાવાળી મિલકતનો કબજો મેળવવામાં આવે તો કોર્ટ કમીશ્નરશ્રીએ મિલકતમાં રહેલ તમામ મુવેબલ પ્રોપર્ટીનુ લીસ્ટ તૈયાર કરવુ અને તે મિલકત અરજદારના અધિકૃત ઓફીસરને સુપ્રત કરવુ અને લીસ્ટની કોપી પંચનામા સાથે સામેલ રાખવી.

૬. અરજદારે મિલકતનો કબજો લેતી વખતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સબંધિત પોલીસ સ્ટેશનને આદેશ કરવામાં આવે છે કે, કોર્ટ કમીશ્નરશ્રીને કબજો લેવામાં મદદરૂપ થવા માટે બે પુરૂષ અને એક મહિલા પોલીસ કર્મચારી પુરા પાડવા, તે માટે પી. આઈ. શ્રી, હારીજ પોલીસ સ્ટેશન, હારીજનાઓને સુચના આપવામાં આવે છે. કોર્ટ કમીશ્નરશ્રીને દિન–૩૦ માં જરૂરી પોલીસ પ્રોટેકશન પુરૂ પાડવુ. પી. આઈ.શ્રી, હારીજ પોલીસ સ્ટેશન, હારીજને હુકમ કરવામાં આવે છે કે, ગુજરાત સરકારના હોમ ડીપાર્ટમેન્ટના સરકયુલર નંબર: SB IIGNH/112017/998 Part file Date 03 December, 2020 મુજબ સરફેસી અન્વયે જયારે પોલીસ પ્રોટેકશન આપવાનો સવાલ ઉત્પન્ન થાય ત્યારે પોલીસ ઓથોરીટીએ કોઈપણ વ્યકિતના નિવેદન નોંધવાના નથી તેવી સ્પષ્ટ સુચના પેરા–૩ માં કરેલ હોવાથી પોલીસ ઓથોરીટીએ નાણાંકીય સંસ્થા કે સામાવાળાઓને બોલાવીને પોલીસ નિવેદનો નોંધવાની કાર્યવાહી કરવાની નથી અને સત્વરે

અરજદાર/નાણાંકીય સંસ્થાને પોલીસ પ્રોટેકશન પુરૂ પાડવાનું છે અને આ હુકમની નકલ સંબધિત પી. આઈ.શ્રી સમક્ષ રજુ થાય તે દિવસથી ૩૦ (ત્રીસ) દિવસમાં અચુકપણે પોલીસ પ્રોટેકશન પુરૂ પાડવાનો આદેશ પોલીસ ઓથોરીટીને કરવામાં આવે છે. પોલીસ પ્રોટેકશનના ખર્ચ પેટેની રકમ સંબધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવી.

૭. અરજદારે મિલકતનો કબજો મેળવવા માટેની કાર્યવાહીનો તમામ ખર્ચ જાતે ભોગવવાનો રહેશે અને તે માટે કોર્ટ કમીશ્નરને પુરતી મદદ કરવાની રહેશે.

૮. અરજદારે હાલ કોર્ટ કમીશ્નરશ્રીના તથા મદદનીશ કમીશ્નરશ્રીના મહેનતાણા પેટે રૂા.૨૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ હજાર પુરા ) નામદાર કોર્ટમાં જમા કરાવવા અને તે રકમ જમા થયા બાદ કોર્ટ કમીશ્નરશ્રીને રૂા.૧૬,૦૦૦/-(અંકે રૂપિયા સોળ હજાર પુરા) તથા મદદનીશ કમીશ્નરશ્રીને રૂા.૪,૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર પુરા) આપવા. આ રકમ જમા થયા બાદ કબજો મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તે કાર્યવાહી ૯૦ દિવસમાં પુર્ણ કરવાની રહેશે અને તે અંગેનો વિગતવારનો રીપોર્ટ કોર્ટને સુપ્રત કરવાનો રહેશે.

૯. કોર્ટ કમીશ્નરશ્રીએ તથા મદદનીશ કમીશ્નરશ્રીએ આ કાર્યવાહી રજાના દિવસે અથવા વર્કીંગના કલાકો સિવાયના સમયમાં કરવાની રહેશે.

આ હુકમ આજ **તા.૧૮ મી,** માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૪/૨૦૨૬
સમી.

**(વિજયકુમાર મુળજીભાઈ વણકર)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સમી.
UIC No.GJ 01161

BJV